## ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

તારીખ : 02-10-2021

ch 13

સમય : 0 મિનિટ

8th s.s

કુલ ગુણ : 20

* **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** [3]

1. વસ્તી-વિતરણ શબ્દનો અર્થ છે.

(A) કોઈ આપેલા ક્ષેત્રમાં લોકો કયા સ્વરૂપે ફેલાયેલા છે.
(B) કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં જન્મ લેનાર લોકોની સંખ્યાના સંદર્ભમાં મૃત્યુ પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યા કેવી છે.
(C) આપેલ બધા જ
(D) કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં સમયની સાથે વસ્તીમાં ક્યાં પ્રકારનું પરિવર્તન થાય છે.

**જવાબ :** (A) કોઈ આપેલા ક્ષેત્રમાં લોકો કયા સ્વરૂપે ફેલાયેલા છે.

2. એ ત્રણ મુખ્ય પરિબળો કયાં છે જેમાં વસ્તીમાં પરિવર્તન થાય છે?

(A) જન્મ મૃત્યુ અને સ્થળાંતર
(B) જન્મ મૃત્યુ અને લગ્ન
(C) જન્મ મૃત્યુ અને જીવન દર
(D) આપેલ બધા જ

**જવાબ :** (A) જન્મ મૃત્યુ અને સ્થળાંતર

3. ઈ.સ. 1999માં વિશ્વની વસ્તી કેટલી હતી?

(A) 6 અબજ
(B) 1 અબજ
(C) 3 અબજ
(D) આપેલ બધા જ

**જવાબ :** (A) 6 અબજ

* **નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** [4]

4. વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ ભારત ........... ક્રમે છે.

**જવાબ :** બીજા

5. ભારતમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ ................છે.

**જવાબ :** 1000 પુરુષે 943 સ્ત્રી

6. ભારતમાં ........... રાજયમાં સાક્ષરતાનો દર સૌથી વધુ છે.

**જવાબ :** કેરલ

7. ગુજરાતમાં વસ્તી – ગીચતાનું પ્રમાણ ............. છે.

**જવાબ :** 308

* **માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** [1]

8. સંકલ્પના સમજાવો :સાક્ષરતા

**જવાબ :** 7 વર્ષ કે તેનાથી વધુ ઉંમરની વ્યક્તિ કોઈ પણ એક ભાષા વાંચી-લખીને સમજી શક્તી હોય તેને 'સાક્ષર' કહેવામાં આવે છે. સાક્ષર વ્યક્તિઓની સંખ્યાનો દર 'સાક્ષરતા' કહેવાય છે.

* **નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** [12]

9. વસ્તીને એક સંસાધન તરીકે કેમ સમજવામાં આવે છે.

**જવાબ :**

- વસ્તીને એક સંસાધન સમજવામાં આવે છે.
- કારણ કે સંસાધન એ છે કે જે લોકો માટે ઉપયોગી હોય એ લોકો પોતાની જરૂરિયાતો અને યોગ્યતાઓને સંસાધનોમાં પરિવર્તિત કરે છે.
- આ પ્રકારે માનવ સંસાધન અંતિમ સાધન સ્વસ્થ, શિક્ષિત અને પ્રેરણાદાયી લોકો પોતાની જરૂરિયાત પ્રમાણે વસ્તીનો સંસાધન તરીકે ઉપયોગ કરે છે.

10. વિશ્વમાં વસ્તીના અસમાન વિતરણના કારણ કયા છે?

**જવાબ :**

- વિશ્વમાં વસ્તીના અસમાન વિતરણ માટે મુખ્યત્વે ચાર કારણો જવાબદાર છે.
- (1) ભૌગોલિક પરિબળો જેમાં, પ્રાકૃતિક રચના, આબોહવા, જમીન, જળ, ખનિજનો સમાવેશ થાય છે.
- (2) આર્થિક પરિબળો
- (3) સાંસ્કૃતિક પરિબળો
- (4) સામાજિક પરિબળો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

11. વસ્તી ગીચતાનો અર્થ શું છે?

**જવાબ :**

- પૃથ્વી સપાટીના એકમક્ષેત્રમાં કિલોમીટર)માં વસવાટ કરનારા લોકોની સંખ્યાને વસ્તી ગીચતા કહે છે.
- વસ્તી ગીચતા = દેશની વસ્તી / દેશનું ક્ષેત્રફળ

12. વસ્તી વિતરણને અસર કરનાર કોઈ બે પરિબળોની ભૂમિકાનું વર્ણન કરો.

**જવાબ :**

- વસ્તી વિભાજન માટે એકથી વધુ પરિબળો અસર કરે છે.
- (1) પ્રાકૃતિક રચના:- મનુષ્ય પર્વતો, ખીણ, ઉચ્ચ પ્રદેશોની સરખામણીએ મેદાની વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. કારણ કે મેદાની વિસ્તારોમાં ખેતી અને સેવા પ્રવૃતિઓ, ઉદ્યોગો મોટા પ્રમાણમાં જોવા મળે છે. દા.ત. ભારતમાં ગંગાના મેદાની વિસ્તારમાં વિશ્વની સૌથી ગીચ વસ્તી જોવા મળે છે.
- (2) આર્થિક પરિબળો:- જે ઔદ્યોગિક વિસ્તાર તરીકે પ્રસ્થાપિત થયા છે, તેવા વિસ્તારોમાં રોજગારીની તકો વિપુલ પ્રમાણમાં હોય છે. જેથી મોટા ભાગની વસ્તી આ વિસ્તારો તરફ આકર્ષાય છે. દા.ત. ભારતમાં મુંબઈ, નોઈડા.

13. સંકલ્પના સમજાવો.:જાતિ પ્રમાણ

**જવાબ :**

- જાતિ પ્રમાણ (Sex Ratio) એટલે પ્રતિ 1,000 પુરુષોની વસ્તીમાં સ્ત્રીઓની વસ્તીને જાતિ પ્રમાણ કહે છે.
- જાતિ પ્રમાણ= મહિલાઓની વસ્તી / પુરુષની વસ્તી x 1,000

14. સંકલ્પના સમજાવો.: વસ્તી ગીચતા

**જવાબ :**

- પૃથ્વીની સપાટીના એકમ ક્ષેત્રમાં વસવાટ કરનારા લોકોની સંખ્યાને વસ્તી ગીચતા કહે છે. વસ્તી ગીચતા = દેશની કુલ વસ્તી / દેશનું કુલ ક્ષેત્રફળ

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in